સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬–૦૩–૨૦૧૦ ના રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૭–૦૩–૨૦૧૦ ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો

...............
...............

મ્યુ. કમિશ્નરશ્રીના તા.૧૨–૦૩–૨૦૧૦ ના પત્ર નં. સીમીસ/૮/૩૯ થી વિદિત થઈ તેમજ સમિતિને સભામાં હાજર રહેલા ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૯ (સુલતાનાબાદ–ભીમપોર)માં નીચે જણાવ્યાં મુજબના સુધારાઓ / ફેરફાર કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૯ (સુલતાનાબાદ–ભીમપોર)ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ફેબ્રુઆરી–૨૦૦૬ અને જુલાઈ – ૨૦૦૬માં સુરતના થયેલા હદ વિસ્તરણ પહેલાના 'સુડા' ના સમયમાં થયેલ બાંધકામો કે જેમાં જે તે હેતુ માટે હિત સંબંધ ધરાવનાર દ્વારા વપરાશ / ઉપયોગ ચાલુ હોય, હયાત પરિસ્થિતી અને માનવતાને ધ્યાને લઈ વપરાશ હેઠળના નીચે પત્રક–૧માં જણાવ્યા મુજબના બાંધકામો ઉપર મુકવામાં આવેલ. રીઝર્વેશન / રસ્તા (સુડાના મંજુર રિવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન તા.૦૨–૦૯–૨૦૦૪ના ડી.પી.ના રીઝર્વેશન પ્લોટ અને ડી.પી.ના રોડ પરના બાંધકામો સિવાય) દુર કરવા જરૂરી સુધારા કરવા અને તેને આનુસાંગિક ફેરફારો કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>પત્રક–૧</u>

| અ.નં. | દરખાસ્તમાં રજુ થયેલ રીઝર્વેશન નંબર | મોજે / ગામ | રે.સ.નં. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | આર–૨૯ (પબ્લીક યુટીલીટી) | ભીમપોર | ૭૧/એ/પૈકી | સંપુર્ણ |
| ૨ | આર–૪૩ (મલ્ટી પર્પઝ ઓપન સ્પેશ) | ભીમપોર | ૧૬/ પૈકી | સંપુર્ણ |
| ૩ | આર–૪૭ (મલ્ટી પર્પઝ ઓપન સ્પેશ) | ભીમપોર | ૧૫ | સંપુર્ણ |
| ૪ | આર–૫૧ (મલ્ટી પર્પઝ ઓપન સ્પેશ) | ભીમપોર | ૧૧ | સંપુર્ણ |
| ૫ | આર–૨૪ (પબ્લીક યુટીલીટી) | સુલતાનાબાદ | ૪૭૪/પૈકી/૧ | પાર્ટ પ્લાન–૧ મુજબ |
| ૬ | આર–૩૧ (પબ્લીક યુટીલીટી) | સુલતાનાબાદ | ૪૬૭,૪૬૮, ૪૬૯ | પાર્ટ પ્લાન–૨ મુજબ |
| ૭ | આર–૪૨ (સબ સેન્ટર) | સુલતાનાબાદ ભીમપોર | ૪૭૨ ૧૬/ પૈકી | પાર્ટ પ્લાન–૩ મુજબ |
| ૮ | આર–૪૬ (પબ્લીક યુટીલીટી) | ભીમપોર | ૧૪,૧૫ | પાર્ટ પ્લાન–૪ મુજબ |
| ૯ | આર–૫૦ (મલ્ટી પર્પઝ ઓપન સ્પેશ) | ભીમપોર | ૧૩, ૭૧/બી/પૈકી | પાર્ટ પ્લાન–૫ મુજબ |

(૨) મોજે : સુલતાનાબાદ આર–૨૦ (સેલેબલ કોમર્સીયલ) વાળા રીઝર્વેશનમાં આ સાથે સામેલ પાર્ટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ સુધારો કરીને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૩) રે.સ.નં.૨૪૮, ૨૨૭/પૈકી, ૨૨૮/પૈકી, ૨૨૯/પૈકીમાં સૈધ્ધાંતિક મંજુરી આપેલ હોવાથી પ્લાન મુજબ બાંધકામને અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો તથા તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૪) રે.સ.નં.૪૬૬+ ૪૬૭ પૈકી વાળી જગ્યામાં મંજુર કરવામાં આવેલ પ્લાનને ધ્યાને રાખી તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૫) રે.સ.નં.૪૬૩, ૪૬૪, ૪૬૫ વાળી જગ્યામાં મંજુર કરવામાં આવેલ પ્લાનને ધ્યાને રાખી તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૬) આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર(૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બિનખેતી થયેલ હોય તેવા કેસોમાં કપાત કરવી નહીં.

ઠરાવનં. ૧૪/૨૦૧૦ સર્વાનુમતે મંજુર

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા. ૧૪-૦૩-૨૦૧૦.